# વડગામનાં ચંગવાડામાં પીવાના પાણીનો કકળાટ

## ગામમાં એકાંતર દિવસે પાણી અપાતું હોવાથી દેવી પુજક મહોલ્લામાં પુરતું પાણી મળતું ન હોવાની બુમરાડ : વડગામ ધારાસભ્ય સમક્ષ લોકોની રજૂઆત

વડગામ, તા. ૨૮

વડગામ તાલુકાના ચંગવાડા ગામમાં વસવાટ કરતા દેવીપૂજક મહોલ્લામાં છેલ્લા કેટલાક સમયથી પાણી મળતું ન હોવાની રાડ ફરીયાદ સાથેની રજૂઆત વડગામ ધારાસભ્ય જિગ્નેશ મેવાણી સમક્ષ કરવામાં આવી છે. અરજીના અનુસંધાને મેવાણી કાર્યોલયની ટીમ ચંગવાડા તપાસ માટે પહોંચી હતી.

ચંગવાડામાં દેવીપૂજક સમાજના ચાલીસથી પચાસ જેટલા ઘર આવેલા છે જેમાં છેલ્લા કેટલાક સમયથી પાણી મળતું ન હોવાની રાડ ફરીયાદ દેવીપૂજક સમાજના લોકો દ્વારા ધારાસભ્ય જિગ્નેશ મેવાણીની કાર્યોલય કરાઈ છે જેમાં પીવાના પાણી આપવામાં ભેદભાવ રખાતો હોવાના આક્ષેપ કરાયા છે તેમજ પાણી ઓતરા દિવસે અપાતું હોવાથી પાણી પુરતા પ્રમાણમાં મળતુ ન હોવાની ફરીયાદ દેવીપૂજક લોકો દ્વારા કરાઈ છે તેમજ દેવીપૂજક સમાજના મહોલ્લા પાસે છ ફૂટ થી પણ ઉંચો ઘોડો નાખવા માં આવ્યો છે જેના કારણે મહોલ્લામાં પાણી ચડતું નથી તેવું દેવીપૂજક લોકોનું કહેવું છે એટલું જ નહીં પણ આ ઘોડાની પાઈપમાં અડધાની પાઈપ લગાવતાં પાણી પાઈપલાઈનમાં પહોંચતું નથી. કાળઝાળ ગરમીમાં લોકોને પાણી માટે વલખાં મારવાં પડે છે. સ્થાનિક પંચાયતના સત્તાધીશો આંખ આડા કાન કરતાં હોવાથી દેવીપૂજક સમાજના લોકો પરેશાન થઈ રહ્યા છે. દેવીપૂજક સમાજના મહોલ્લામાં પાંચ ફૂટથી પણ વધારે ઉંડા ખાડા ખોધ્યા હોવા છતાં પાણી આવતું નથી. દેવીપૂજક સમાજના લોકોના જણાવ્યા અનુસાર ગામના છેવાડે રહેતાં હોવાથી ગામમાં પાણી ફરીને તેમના સુધી આવે એટલે પાણી બંધ કરી દેવાતું હોવાના પણ ચોંકાવનારા આક્ષેપ કરાયા હતા એટલુંજ નહીં પણ પીવા માટેનું પાણી પંચાયત દ્વારા મોડે છોડાતું હોવાથી દેવી પુજક સમાજના લોકોને પાણીની રાહ જોયને બેસી રહેવું પડે છે. ધંધા રોજગાર માટે પણ જઈ શકતા નથી પાણીના કકળાટના કારણે ચંગવાડામાં દેવીપૂજક સમાજના લોકો તોબા પોકારી ઊઠયા છે ત્યારે જવાબદાર તંત્રના કર્મચારીઓ દ્વારા સ્થાનિક પંચાયત પાસે દેવી પુજક સમાજના લોકો ની સમસ્યાઓ હલ કરવા મદદરૂપ બનીને લોકોને પીવાનું પાણી મળતું થાય તેવા પ્રયાસો કરાય તેવું લોકો ઈચ્છી રહ્યા છે.





# પ્રાંતિજના પોગલુ પ્રાથમિક શાળામાં વાર્ષિકોત્સવ-ઈનામ વિતરણ કાર્યક્રમ યોજાયો

પ્રાંતિજ, તા. ૨૮

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજ તાલુકાના પોગલુ ખાતે આવેલ પોગલુ પ્રાથમિક શાળામાં શાળા દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં શાળામા અભ્યાસ કરતા ૨૦૦ વિદ્યાર્થીઓએ સાંસ્કૃતિક કાર્યક્રમોમાં ભાગ લઈને આવેલ મહેમાનો વાલીઓ પ્રેક્ષકો તથા શાળા પરિવારના દિલ જીતી લીધા હતા.




પોગલુ પ્રાથમિક શાળામાં દર વર્ષની જેમ આ વર્ષે પણ શાળામાં વાર્ષિકોત્સવ તથા ઈનામ વિતરણ કાર્યક્રમ યોજાયો હતો જેમાં શાળામાં વર્ષ દરમ્યાન થયેલ શાળાકિય કાર્યક્રમોમાં રમતગમત જિલ્લા તાલુકામાં ૧ થી ૩ નંબર આવનાર બાળકોને પણ સાંસ્કૃતિક કાર્યક્રમમાં ઉપસ્થિત મહેમાનો તથા ઈનામ દાતાઓના હસ્તે ઈનામો આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યાં હતા. શાળામાં શિક્ષિકા તરીકે ફરજ બજાવતા મધુબેન અશોકભાઈ પટેલ કે જેવો સરકારી ધારા ધોરણ મુજબ વય મર્યાદાને લઈને શાળામાંથી નિવૃત્ત થતા શાળા પરિવાર દ્વારા તેવોને શ્રીફળ, શાલ, મોમેન્ટો આપી સન્માન કરવામાં આવ્યું હતુ. આ પ્રસંગે દાતાઓનુ પણ શાલ ઓઢાડીને શાળા દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું. પોગલુ પ્રાથમિક શાળામાં ૧ થી ૮ માં અભ્યાસ કરતાં ૨૦૦ વિદ્યાર્થીઓએ સાંસ્કૃતિક કાર્યક્રમોમાં ભાગ લીધો હતો અને આવનાર મહેમાનો વાલીઓ પ્રેક્ષકોના તથા શાળા પરિવાર ગ્રામજનોના દિલ જીતી લીધા હતા. આ પ્રસંગે મહંત સુનીલદાસજી મહારાજ, પોગલુ મહિલા સરપંચ, રમેશભાઈ પટેલ, દાંતા સંજયભાઈ પટેલ, મનુભાઈ પટેલ સહિત વાલીઓ ગ્રામજનો સહિત લોકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતા. સાંસ્કૃતિક કાર્યક્રમો નિહાળવા આવેલ લોકોનું ઘોડા પુર ઉમટી પડતા શાળાનું મેદાન પણ નાનું પડયું હતું. શાળાના આચાર્ય જિનલબેન પટેલ તથા શાળા પરિવાર સ્ટાફ દ્વારા સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું એનાઉન્સમેન્ટ સજ્જનબેન દ્વારા કરવામાં આવ્યું હતું.

# સરસ્વતી યુવા ટ્રસ્ટ સિધ્ધપુર દ્વારા તુરી બારોટ સમાજના પ્રથમ સમૂહ લગ્ન યોજાયા

સિધ્ધપુર ખાતે શ્રી સરસ્વતી યુવા ટ્રસ્ટ સિધ્ધપુર દ્વારા તુરી બારોટ સમાજ પ્રથમ સમુહલગ્ન યોજાયા હતા.

જેમાં માનનીય બલવંતસિંહ રાજપૂત (ચેરમેનશ્રી જી આઈ ડી સી ગુજરાત) વિશેષ હાજરી આપી હતી નવદંપતીઓ ને આશીર્વાદ આપ્યાં હતા. આ પ્રસંગે ડે.કલેક્ટરશ્રી પરમાર મુકેશભાઈ, શ્રી જસુભાઈ પટેલ, શ્રી સુરપાલસિંહ રાજપૂત તથા મોટી સંખ્યામાં તુરી બારોટ સમાજના આગેવાનો અને સમાજના લોકોની ઉપસ્થિતિ રહ્યા હતા.

# મેઘરજના પાણીબાર ગામે પાણી માટે બે પરિવારો વચ્ચે પાણી યુદ્ધ ખેલાયું

મેઘરજ, તા. ૨૮

અરવલ્લી જીલ્લાના મેઘરજ તાલુકામાં ઠેર ઠેર પાણીનો કકળાટ જોવા મળી રહ્યો છે. ત્યારે પાણી માટે મેઘરજના પાણીબાર ગામે બે પરિવારો વચ્ચે યુદ્ધ ખેલાતા ચકચાર મચી હતી. પાણીબાર ગામે પંચાયતના બોર ઉપર પાણી ભરવા બાબતે ઝઘડામાં એક યુવકને મોંઢાના ભાગે પક્કડ અને માથામાં લોખંડનો સળીયો ફટકારતા યુવક ઈજાગ્રસ્ત થયો હતો.

પાણીબાર ગામના ધનાભાઈ પગી તેમનો દીકરો શૈલેશ અને અન્ય ઈસમો ગામમાં આવેલ પંચાયતના બોર ઉપરથી પાણી ભરતા હતા તે અરસામાં ગામના જયંતી વીરા ગોરી બીભત્સ ગાળો બોલતા બોલતા આવ્યા હતા અને બોર ઉપર આવી પક્કડ વડે બોરનાના કનેક્શનનુ વાયર કાપી નાખતા શૈલેષ પગીએ વાયર કેમ કાપો છો કહેતા જયંતિ ગોરી એકદમ ઉશ્કેરાઈ જઈ અને શૈલેષ પગીને મોંઢાના દાંતના ભાગે પકકડ અને માથામાં લોખંડનો સળીયો ફટકારી દેતા શૈલેષ પગી લોહી લુહાણ થતા અને જયંતી ભાઈ ગોરીની પત્ની શારદાબેન ગોરી પણ પતિનું ઉપરાણું લઈ દોડી પહોંચી યુવકને ગડદાપાટુનો માર મારી બંને પતિ પત્નીએ જાનથી મારી નાખવાની ધમકીઓ આપતા ચકચાર મચી હતી. યુવકના પરિવારજનોએ યુવકને સારવાર અર્થે ખસેડી હુમલાનો ભોગ બનેલા શૈલેષના પિતા ધનાભાઈ ધુળાભાઈ પગીએ ઈસરી પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા ઈસરી પોલીસે જયંતી વીરા ગોરી અને શારદાબેન જયંતિભાઈ ગોરી વીરૂધ્ધ ગુનોં નોંધી આગળની વધુ કાર્યવાહી હાથ ધરી છે.

બીજીબાજુ શારદાબેન જયંતિભાઈ પગીએ ઈસરી પોલીસ સ્ટેશનમાં ધનાભાઈ ધુળાભાઈ પગી, શૈલેષ ધનાભાઈ પગી અને કેતન ભગવાનભાઈ પગીએ શારદાબેન ગ્રામપંચાયતના પાણીના બોર ચાલુ કરવા જતા ઉપરોક્ત ત્રણે આરોપીઓ ઉશ્કેરાઈ જઈ તારા મહોલ્લામાં જ પાણી કેમ તેમના પતિ જયંતીભાઈને આંખના ભાગે ઈજા પહોંચાડી ત્રણે આરોપીઓએ ગડદા પાટુનો માર માર્યો હોવાની ફરિયાદ નોંધાવતા ઈસરી પોલીસે ધનાભાઈ ધુળાભાઈ પગી, શૈલેષ ધનાભાઈ પગી અને કેતન ભગવાનભાઈ પગી સામે ફરિયાદ નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.



## ડીસાના આરટીઓ ઓવરબ્રિજ પર દાડમ ભરેલી ટ્રક પલટી

બનાસકાંઠાના ડીસા નજીકના આખોલ ચાર રસ્તા ખાતેના ઓવરબ્રિજ પર ગતરોજ સવારે વધુ એક વિચિત્ર ઘટના બની હતી. દાડમ ભરીને જઈ રહેલી ટ્રકના ચાલકે સ્ટીયરીંગ પરનો કાબૂ ગુમાવતાં ટ્રક ઓવરબ્રિજ પર જ પલટી ખાઈ ગઈ હતી. ટ્રક પલટી ખાતા ટ્રકમાં ભરેલ દાડમનો જથ્થો ઓવર બ્રિજ અને ઓવર બ્રિજની નીચે પડતાં લોકોએ રીતસર દાડમની લૂંટ ચલાવી હતી. કચ્છ તરફથી આવી રહેલી દાડમ ભરેલી ટ્રક ડીસાના આખોલ ચાર રસ્તા ખાતેના ઓવરબ્રિજ પરથી પસાર થઈ રહી હતી. એ વખતે ટ્રકચાલકે સ્ટીયરીંગ પરનો કાબુ ગુમાવી દેતાં આ ટ્રક પલ્ટી ખાઈ ગઈ હતી. આ અકસ્માત વખતે ટ્રકમાં ભરેલો દાડમનો જથ્થો ઓવરબ્રીજ ઉપર તેમજ ઓવરબ્રીજ નીચે ઢોળાઈ ગયો હતો. આ દુર્ઘટના બાદ આસપાસ લોકોના ટોળેટોળાએ બનાવ સ્થળે ઉમટી રસ્તા પર ઢોળાયેલ દાડમની લૂંટ ચલાવી હતી. આ ઘટનાએ પોલીસની કામગીરી સામે પણ સવાલ ઊભા કર્યા છે.

### મોડાસામાં ફાયરબ્રિગેડની ટીમે વૃક્ષો પર

# પાણીનો મારો ચલાવી ગરમીથી "વડ વાગોળ" પક્ષીઓને સુરક્ષા

મોડાસા, તા. ૨૮

રાજ્યમાં ઉનાળો આકારો બન્યો છે. અરવલ્લી જીલ્લાનું મુખ્યમથક મોડાસા શહેર રાજ્યનું સૌથી હોટ સીટી બનતા ૪૭ ડિગ્રીએ તાપમાનનો પારો આંબતા પ્રજાજનો સહીત પશુ-પક્ષીઓની હાલત



દયનીય બની છે. અરવલ્લી જીલ્લાની ગિરિમાળાઓ અને શહેરી અને ગ્રામ્ય વિસ્તારમાં વૃક્ષો પર આશરો લેતી હજ્જારો વડ વાગોળ ટપોટપ મોતને ભેટી રહી છે. મોડાસા નગર પાલિકાની ફાયર બ્રિગેડની ટીમે રવિવારે શહેરમાં આવેલા વૃક્ષો પર વસવાટ કરતી "વડ વાગોળ" પક્ષીઓને ગરમીના પ્રકોપથી બચાવવા પાણીનો મારો ચલાવી રક્ષિત કરવા પ્રયત્નો હાથ ધરાયા હતા.

રાત્રેજ ખોરાકની શોધમાં નીકળતી વડ વાગોળ દિવસ દરમિયાન વડ તેમજ અન્ય વૃક્ષો ઉપર ઊંધા માથે લટકતી ઠેર ઠેર જોવા મળે છે. વૃક્ષો પર ઊંધા માથે ઝુંડમાં લટકતી હોવાથી આકાશમાંથી અગનગોળા વરસતા વડવાગોળ ટપોટપ મરી જવાની ઘટનાઓ સામે આવતા મોડાસા શહેરમાં નગરપાલિકાની ટીમે રવિવારે શહેરમાં આવેલા વૃક્ષો પર પાણીનો મારો ચલાવી નિશાચર પક્ષી વડ વાગોળ સહીત અન્ય પક્ષીઓને સુરક્ષિત કરવા અથાગ પ્રયત્નો હાથ ધર્યા હતા.

અરવલ્લી જીલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં નિશાચર પક્ષીને ગરમી ભરખી જતા ગ્રામ્ય વિસ્તારમાં અરેરાટી ફેલાઈ છે. પશુ-પક્ષીઓ પણ ડિહાઈડ્રેશનનો ભોગ બની રહ્યા છે.

### ધનસુરાના વખતપુરા ગામે ઘરમાં આગ લગતા

# ઘરનો મોભી ધ્રુસકે-ધ્રુસકે રડી પડ્યો : વાન અને ઘાસચારો સ્વાહા

ધનસુરા, તા. ૨૮

અરવલ્લી જીલ્લામાં ખેતરમાં, વાહનોમાં અને ઘરમાં આગ લાગવાની ઘટનાઓ સતત બની રહી છે. ધનસુરા તાલુકાના વખતપુરા ગામમાં ઘરમાં અગમ્ય કારણોસર આગ લગતા આગની જ્વાળાઓની લપેટમાં ઘર નજીક રહેલો ઘાસચારો અને મારુતિ વાન ધાર્યા હતા. આગની ઘટનાના પગલે ધનસુરા પોલીસે ઘટનાસ્થળે પહોંચી પંચનામાની કામગીરી હાથ ધરી હતી.

રવિવારે બપોરના સુમારે ધનસુરા તાલુકાના વડાગામ નજીક આવેલા વખતપુરા ગામના ગિરૂસિંહ આલુસિંહ ઝાલાના પાકા મકાનમાં આગ ભભૂકી ઉઠતા ભારે પરિવારજનો પર આભ તૂટી પડ્યું હતું. સમય સુચકતા વાપરી પરિવારજનો ઘરની બહાર દોડી આવતા આબાદ બચાવ થયો હતો. આગની ઘટનાને પગલે દોડી આવેલા ગામલોકોએ પાણીનો મારો ચલાવી આગ પર કાબુ મેળવવા પ્રયત્નો હાથ ધર્યા હતા.

આકસ્મિક ઘરમાં લાગેલી



આગમાં ખાખ થતા ઘરનો મોભી અને પરિવારજનોના માથે આભ તૂટી પડતા ધ્રુસકે-ધ્રુસકે રડી પડતા ગામલોકોએ હૈયાધારણા આપી હતી. ઘરમાં લાગેલી આગ પર ગામ લોકોએ પાણીનો મારો ચલાવી આગ પર કાબુ મેળવવા પ્રયત્નો હાથ અફડાતફડી મચી હતી.

ઘર નજીક પશુઓ માટે સંગ્રહ કરેલા સૂકા ઘાસચારામાં અને ઘર નજીક પાર્ક કરેલી મારુતિવાન પણ આગની ઝપેટમાં આવતા ઘાસચારો અને મારુતિ વાન આગમાં ખાખ થતા આગમાં ભારે નુકસાન જતા આગનો ભોગ બનેલ પરિવારના મોભી અને મહિલા રીતસરની પોક મૂકી રડતા વાતાવરણ ગમગીન બન્યું હતું. ગામલોકોએ ઘટનાનો ભોગ બનેલ પરિવારને સાંત્વના આપી હતી.

# બાયડના ચોઈલા ગામે તબેલામાં લાગેલી આગમાં બે ગાય ભડથુ

બાયડ, તા. ૨૮

અરવલ્લી જીલ્લો અગનભઠ્ઠીમાં ફેરવતા



ગરમીથી શેકાઈ રહ્યો છે, ત્યારે જીલ્લામાં આગ લાગવાની ઘટનાઓ પણ છાશવારે બની રહી છે. જિલ્લામાં તાપમાનનો પારો ૪૬ ડિગ્રીને પાર પહોંચી ગયો છે જેને કારણે માર્ગો પર અગનજ્વાળાઓનો અહેસાસ થતો હોય તેવું લાગી રહ્યું છે. બાયડ તાલુકાના ચોઈલા ગામે આગ લાગતા બે ગાયો આગમાં ભડથું થઈ જતા પશુપાલક આઘાતમાં સરી પડ્યો હતો.

બાયડના ચોઈલા ગામમાં એક તબેલામાં અચાનક શોર્ટ સર્કિટથી આગ લાગવાને કારણે સામાન્ય લાગેલી આગે વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું હતું અને જોત જોતામાં આગે આખા તબેલાને તેની ઝપેટમાં લેતા બે ગાય આગમાં બળી ગઈ હતી. આગની જાણ થતાં આસપાસના લોકોએ આગને બુઝાવવા અથાગ પ્રયાસો હાથ ધર્યા હતા અને પાણીનો મારો ચલાવ્યો હતો. સ્થાનિક લોકોએ આગ વર કાબુ તો મેળવ્યો પણ બે અબોલા પશુઓ આગમાં ભડથું થઈ ગયા.



# ભિલોડાના ચોરીમાલા ગામે સામુહિક આરોગ્ય ભવનનો લોકાર્પણ કાર્યક્રમ યોજાયો

ભિલોડા,તા.૨૮

ભિલોડા તાલુકાના ચોરીમાલા ગામમાં સામુહિક આરોગ્ય કેન્દ્રના નવિન અદ્યતન આરોગ્ય કેન્દ્રથી આજુબાજુના છેવાડાના ગ્રામ્ય વિસ્તારના પ્રજાજનોને આરોગ્યની સેવાઓ નજીકમાં સરળતાથી મળી રહેશે તેમ જણાવ્યું પ્રજાજનોને અનુરોધ કર્યો હતો. આ પ્રસંગે વિશ્વ મેલેરીયા દિનની ઉજવણી યોજાઈ હતી.રેલી ધ્વારા લોકજાગૃતિ માટે આહ્વાન આપી મેલેરીયાના




ભવનનો લોકાર્પણ કાર્યક્રમ યોજાયો હતો.ગુજરાત સરકાર આરોગ્ય અને પરીવાર કલ્યાણ વિભાગ ધ્વારા સામુહિક આરોગ્ય કેન્દ્ર,ચોરીમાલા ગામમાં નવિન ભવનનો લોકાર્પણ કલેક્ટર એમ. નાગરાજનના વરદ્ હસ્તે કરાયું હતું. જીલ્લા વિકાસ અધિકારી ડાૅ.હર્ષિત ગોસ્વામી, મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારી ડાૅ. અમરનાથ વર્મા, ડાૅ.કૌશલભાઈ પટેલ, સામાજીક કાર્યકર દિલીપભાઈ સાહેબ સહિત ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

અરવલ્લી જીલ્લા કલેક્ટરએ પ્રાસંગિક પ્રવચનમાં જણાવ્યું હતું કે ચોરીમાલા ગામમાં નવિન સામુહિક હતું. તાલુકામાં બાળ-મરણ, માતા-મરણની સ્થિતીથી તમામને વાકેફ કર્યા હતા. નવિન સુવિધાથી તેમાં ઘટાડો થશે તેમ જણાવ્યું હતું. આરોગ્ય વિભાગના સ્ટાફની કામગીરીને બિરદાવી હતી. અરવલ્લી જીલ્લા વિકાસ અધિકારી ડાૅ.હર્ષિત ગોસ્વામીએ જણાવ્યું હતું કે લોક સમુદાયને ચોરીમાલા સામુહિક આરોગ્ય કેન્દ્રનો લાભ લેવા અનુરોધ કર્યો હતો. આરોગ્ય કર્મચારીઓ ધ્વારા પ્રચાર,પ્રસાર કરવા જણાવ્યું હતું. અરવલ્લી જીલ્લા મુખ્ય આરોગ્ય અધિકારી ડાૅ.અમરનાથ વર્માએ જણાવ્યું હતું કે ચોરીમાલા સામુહિક આરોગ્ય કેન્દ્રનો આરોગ્ય વિષયક સેવાઓનો વિશેષ લાભ લેવા માટે અંતની શરૂઆત મારા પ્રયત્નોથી સુત્ર ધ્વારા મેલેરીયાને વર્ષ ૨૦૨૨ સુધીમાં નાબુદ કરવા સંકલ્પ કર્યો હતો.

ચોરીમાલા ગામમાં નવિન સામુહિક આરોગ્ય કેન્દ્રના ભવનના લોકાર્પણ કાર્યક્રમને સફળ બનાવવા ભિલોડા તાલુકા બ્લોક હેલ્થ ઓફીસર ડાૅ. એ.જે.વૈષ્ણવ, અધિક્ષક સામુહિક આરોગ્ય કેન્દ્ર, ચોરીમાલા, ડાૅ.એસ.એસ. અગ્રવાલ, આરોગ્ય વિભાગની સમગ્ર ટીમે જહેમત ઉઠાવી હતી.ચોરીમાલા સામુહિક આરોગ્ય કેન્દ્રના નવિન ભવનના લોકાર્પણ કાર્યક્રમનું સફળ સંચાલન સંજયભાઈ બારોટ અને આરોગ્ય વિભાગ સ્ટાફ પરીવાર ધ્વારા કરાયું હતું.